# રસ્તા આરોગ્ય સેવા સહિતની સુવિધા માટે હાંફતું બુટલાવ



નવસારી તાલુકાનાં પૂર્વ રાજકીય, સહકારી આગેવાન સ્વ. ગોવિંદભાઇ બુટલાવકરનાં વહીવટ દરમિયાન ગામલોકોને વિકાસનાં ફળ તો ચાખવા મળ્યા હતાં, પરંતુ સમય બદલાયાની સામે ગામનો વિકાસ રૂંધાતો હોય એમ લાગે છે.

### ટાઉન ટોક
### સરજુ મોદી

દક્ષિણ ગુજરાતમાં સમૃધ્ધ ગણાતાં વિસ્તારોમાં પણ



ઉપસરપંચ નાનુભાઇ પટેલ

આદિવાસીઓની હાલત કથળેલી જોવા મળે છે. તો નવસારી તાલુકાનાં પૂર્વ વિસ્તારો ભાજપી આગેવાનોની ગઢ ગણાય છે. તદ્ઉપરાંત રાજયનાં કેબિનેટ મંત્રી મંગુભાઈ પટેલનાં મત વિસ્તારમાં આવતું બુટલાવ ગામ આમ તો માંડ એક હજારથી પણ ઓછી વસ્તી ધરાવતું ગામ છે. ગામનાં રાજકીય, સહકારી આગેવાન સ્વ. ગોવિંદભાઈ બુટલાવકરની સચ્ચાઈ સાથે લડવાની હિંમતમાં તેમણે ગામનાં વિકાસમાં કરેલા



સરપંચ નાનુભાઇ પટેલ



વિદ્યામંદિર

દરેક પ્રયત્નો પણ નિષ્ફળ તો રહ્યા હતા. પરંતુ રાજકીય હુંસાતુંસીમાં પણ અડધા દાયકા સુધી બુટલાવ ગામે સહન જ કરવું રહ્યું હતું. જયારે બુટલાવ-ડભલાઈ જુથ ગામ પંચાયતમાં સમાવિષ્ટ બુટલાવ ગામની પંચાયત કચેરી પણ બુટલાવ ગામે આવેલી છે. તો બુટલાવ ગામે આંતરિક માર્ગો પણ હજુ બિસ્માર જ રહ્યા છે. તો ગામમાં આરોગ્ય સેવાનાં નામે સુવિધા નથી. જો ગામમાં એસ.ટી. બસની સુવિધાનાં પણ ફાંફાં જ રહ્યા છે. જયારે બુટલાવ ગામમાં સરકારી જમીનોમાં થતી હોવાની ચાલતી પ્રવૃત્તિ પણ વહીવટી તંત્રનાં અસ્તિત્ત્વ સામે પ્રશ્નાર્થ મૂકાઈ રહ્યો છે ત્યારે ૧૩૧ હેકટરમાં પથરાયેલા બુટલાવ ગામની વસ્તી માંડ પાંચસોનો આંક વટાવી ચૂકી છે. પરંતુ ગામનાં વિકાસમાં તો વહીવટી તંત્રનો અન્યાય જ આડે આવતો હોવાનું ગામલોકો કહે છે.

**માત્ર ૧૨૮ હેકટર વિસ્તારમાં વિકસેલા બુટલાવનાં સરકારી ચોપડે ૧૩૧ રહેણાંક મકાનો**

**બુટલાવનાં સહકારી આગેવાન સ્વ. ગોવિંદભાઇ બુટલાવકરે ગામ વિકાસનાં પ્રયત્નો કર્યા પરંતુ રાજકીય દુશ્મનોમાં વિકાસ રૂંધાયો**

નવસારી તાલુકાની પૂર્વ પટ્ટીમાં ચાર-પાંચ મુખ્ય ગામોને બાદ કરતા મુખ્ય વસ્તી આદિવાસીઓની છે. પરંતુ આજે પણ આદિવાસીઓની સમસ્યા ઠેરની ઠેર જ રહેવા પામી છે. આ વિસ્તારમાંથી ચૂંટાતા ધારાસભ્ય મંગુભાઈ પટેલ રાજયમાં આદિજાતિ વિભાગમાં કેબિનેટ મંત્રી છેલ્લા ત્રણ ટર્મથી હોવા છતાં તેમજ રાજય સરકારે પંદર હજાર કરોડ રૂા.ની વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકાયાને ત્રણ વર્ષથી વધુ સમય થયો હોવા છતાં સ્થાનિક લોકોને વનબંધુ કલ્યાણ યોજનાથી ઝાઝો ફરક પડયો નથી. ગ્રામ પંચાયત વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષમાં થયેલા કામોની પણ તપાસ થાય તો અન્ના હજારેનાં ભ્રષ્ટાચાર હટાવવા માટે લોકપાલ બિલની માંગણીમાં મળેલા પ્રચંડ સમર્થનનો જવાબ સરકારી તંત્રને મળી જ જાય છે. આ પરિસ્થિતિ વચ્ચે રાજયનાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતનો વિકાસ થઈ ગયો હોય સદ્ભાવના મિશનનાં નામે વાચકો વાંચશે ત્યાં સુધીમાં ત્રણ

(અનુસંધાન પાના નવ પર)



પાણી પુરવઠા બોર્ડનાં હેન્ડપંપમાં પાણીની લાઇન

## બુટલાવમાં પશુ દવાખાનું છે પરંતુ આરોગ્ય સેવાનાં નામે તો ફાંફાં જ રહ્યા

નવસારી તાલુકાનું બુટલાવ ગામ સાતેમ- ખડસુપા મુખ્યમાર્ગથી ત્રણ કી.મી.નાં અંતરે આવેલ બુટલાવ ગામ વિકાસ માટે થનગની રહ્યું છે પરંતુ રાજકીય હુંસાતુંસીમાં બુટલાવ ગામને થયેલા અન્યાયમાં ઘણાં રસ્તાઓનું કામ બાકી છે. તો આરોગ્ય સુવિધા માટે ગામલોકોએ પાંચ કી.મી. દુર સાતેમ કે ખડસુપા જવું પડે છે.

બુટલાવ ગામ સ્વખર્ચે પણ વિકાસ માટે મથામણ કરી રહ્યું છે. તો ગામમાં નાગધરા મંડળીની શાખા આવેલી હોવાથી બુટલાવનાં પશુપાલકો માટે પશુદવાખાનાની સગવડ પણ ગામે ઉપલબ્ધ કરવામાં આવી છે. જોકે દવાખાનું હોવાથી પશુપાલકોને થોડી ઘણી રાહત છે. પરંતુ ગામલોકો માટે જરૂરી આરોગ્યસેવાનાં નામે તો બુટલાવમાં ફાંફાં જ રહે. આખા ગામમાં અઠવાડીયે ફીમેલ ખડસુપા કે સાતેમ પાંચ કી.મી. દુર જવું પડે છે ત્યારે રાત્રિ દરમિયાન ગરીબ વર્ગે મુસીબતમાં મુકાવવું પડે છે.

આરોગ્યસુવિધાનાં ઠેકાણાં નથી. તો ગામમાં આંતરીક માર્ગ બન્યાં પછી કોઈ જ માર્ગ બન્યો નથી. જે ગામનાં રૂંધાયેલા વિકાસની ચાડી ખાય છે બુટલાવના સીમાડા માર્ગોનાં પણ ઠેકાણાં ન હોય ખેડૂત વર્ગ ચોમાસામાં પરેશાનીમાં મૂકાવવું પડે છે. ત્યારે બુટલાવ ગામને થતો વર્ષોનો અન્યાય હવે દૂર થશે? કે કેમ? તે જોવું રહ્યું!

**આખા ગામમાં આંતરિક માર્ગો પણ બનાવવાની જરૂર જયારે સીમમાર્ગો તો હજુ કાચા જ રહ્યા**



પશુ દવાખાનું



નાગધરા મંડળીની શાખા

## ભારતનાં પૂર્વ વડાપ્રધાન સ્વ. મોરારજી દેસાઇ વલસાડ જિલ્લાનાં વતની હતા

વ્યકિત વિશેષ : વલસાડ જિલ્લાની ખ્યાતનામ વ્યકિતઓની વાત કરીએ ત્યારે પૂર્વ વડાપ્રધાન શ્રીમોરારજી દેસાઈ જેઓ 'ભારતરત્ન' અને 'નિશાને પાકિસ્તાન' એવા બે સર્વોચ્ચ માનસન્માનથી વિભૂષિત હતા તે પ્રથમ યાદ આવે. એમની જેમ જ મૂળ ભદેલી ગામના બીજા સપૂત શ્રી ભૂલાભાઈ દેસાઈને પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી તરીકે યાદ કરવામાં આવે છે. મજૂર મહાજનના ખંડુભાઈ દેસાઈ પણ સ્મરણીય.

વેદસંદેશ માટે આજીવન સમર્પિત પંડિત સાતવળેકરજીની કર્મભૂમિ એમના જીવનના ઉતરાર્ધમાં 'પારડી' હતી. છોટે કાશી તરીકે ઓળખ મેળવી ચૂકેલા વલસાડ પાસે અને ધુરંધર પ્રકાંડ પંડિતો હતા. જેમણે સંસ્કૃત ભાષામાં પુસ્તકો પણ લખ્યાં હતાં અને શાસ્ત્રોકત રચનાઓ - ચર્ચા વગેરે કર્યું હતી. પૂ.શ્રી નર્મદાશંકર અને પૂ.શ્રી કરૂણાશંકર શાસ્ત્રી, શ્રી મોતીરામ દીક્ષિત, શ્રી નલિનભાઈ ભટ્ટ હતા. આજે દેશપરદેશમાં ફરી વેદસંદેશ અને સંસ્કૃતિ સંવર્ધન માટે મથનારા ડો. નરેશ ભટ્ટ છે.

શાન્તિનિકેતન દ્વારા જૈન ધર્મ-સંસ્કૃતિના જતન-સંવર્ધન માટે મથનારા ક્રાન્તિકારી સાધુઓ 'બંધુ ત્રિપુટી' સ્મરણીય છે. દેશ પરદેશ ખેડી અહી તીથલના દરિયાકિનારે 'અધ્યાત્મ-ધર્મ-સમાજ અને સંસ્કૃતિ'નું અદ્વિતીય કેન્દ્ર સર્જી રહ્યા છે.

તીથલના દરિયાની વાત કરીએ છીએ ત્યારે વલસાડના ડો. અમૂલ દેસાઈ જેમના ઘરના દ્વાર હંમેશા કર્મશીલો, પ્રવાસીઓ, ચિંતકો, બૌદ્ધિક માટે ખુલ્લાં હતાં. તે હંમેશા સ્મરણમાં આવે. તીથલમાં દરિયા કિનારે પ્રસિધ્ધ ફોટોગ્રાફર શ્રી અશ્વિન મહેતા રહે છે.

**સજીવ ખેતી અને પર્યાવરણ જતન માટે ભાસ્કર સાવે, ઉમરગામના ડો. અશોક શાહ, યજ્ઞેશ દેસાઇ, ડો. શીરીન ગઢિયા પણ ખરાં જ તેમ દીપક ગઢિયા સોલા એનર્જી માટે.**

**સંગીતક્ષેત્રે પારડી વલ્લભ આશ્રમના સ્વામીશ્રી હરિપ્રસાદજી, વલસાડનું ભાવસાર કુટુંબ-ભીખુભાઇ, હરેશભાઇ, જશવંતભાઇ અને પરિવાર ખ્યાતનામ ગણાય છે. વાયોલીનવાદક દલવીર સીકલીગરને ન જ ભૂલવા જોઇએ.**

ધરમપુર રાજવી કુટુંબના વિજય દેવજી, એમના ભાઈ પ્રભાત દેવજીને સાહિત્ય-સંગીત-

(અનુસંધાન પાના નવ પર)

**વલસાડ જિલ્લાનાં આગેવાનોએ અનેક ક્ષેત્રમાં નામનાં મેળવી છે તો પીંડવળનાં સર્વોદય ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓએ આખું જીવન આદીવાસીઓની સેવામાં ખર્ચી નાખ્યું**

## ડાયરી

- તાપી જિલ્લાનું મુખ્યમથક વ્યારાનગરમાં આદિવાસી સમાજનાં એક હજાર પ્રાથમિક શિક્ષકો તેમજ ૫૦૦થી વધુ સરકારી કર્મચારીઓ રહે છે.
- દમણ ૧૯૬૧ સુધી એટલે કે ૪૦૦ વર્ષ્ર સુધી પોર્ટુગીઝ હકુમતમાં રહ્યું હતું. દમણનાં કિલ્લામાં ચીધી સરકારે મસ્જીદ બંધાવી હતી. તો પોર્ટુગીઝ કેપ્ટને ચર્ચ ચણાવ્યું હતું.
- ગણદેવીનાં પારસી ભીખાજી મેહેરજીએ સને ૧૭૭૭માં રૂા. ૧૦,૦૦૧માં ચીખલી તાલુકાનું બહેજ વાત ખરીદ્યું હતું. જે સને ૧૯૪૭માં રજવાડા નાબુદ થતાં રૂા. ૧૦,૦૦૦ વળતર આપી ગામ સરકાર હસ્તક કરી દેવાયું હતું.
- મહુવા તાલુકાનાં દેદવાસણ ગામે દસ હજાર તાડવૃક્ષ છે. એટલે જ તો દેદવાસણ મંડળી દ્વારા ત્યાં તાડ ઉધોગ ચલાવાય છે.
- રાષ્ટ્રપતિ ફખરૂદીન અલી અહમદ સાહેબનાં હસ્તે પદ્મશ્રી એવોર્ડ પ્રાપ્ત કરનાર ૯૯ વર્ષનાં મૌલથી ઇબ્રાહીમ મહમુદ કાછલીયા નવસારી નજીકનાં કાળાકાછા ગામના વતની છે.
- ફીલ્મ જગતનાં મશહુર ડાયરેક્ટર મનમોહન દેસાઇ મૂળ પલસાણાનાં વતની હતાં. ત્યારબાદ સંદલપોર ગામે મોસાળમાં રહયા બાદ મુંબઇ સ્થાયી થયા હતા.
- નવસારી બાનાકલબનું ઉદ્‌ઘાટન ૧લી માર્ચ ૧૯૩૭નાં રોજ શ્રીમંત સરકાર પ્રદીપસિંહ રાવ ગાયકવાડે કરેલું જે આજે પણ ચાલુ છે.
- વ્યારા નગરમાં આવેલ સાતસો વર્ષ પુરામાં અજીતનાથ દાદા જીનાલયનાં આવેલ ટનલ છત્રપતિ શિવાજી મહારાજનાં સોનગઢ કિલ્લા પર નીકળતી હતી. હવે માત્ર અવશેષો જ છે.
- ૨૩-૨-૧૮૯૨નાં રોજ નવસારી ખાતે ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેર કોર્ટની સ્થાપના થઇ હતી.
- અભિનેતા રાજેશ ખન્ના તથા અભિનેત્રી મુમતાઝની ફિલ્મ ''બંધન''નું શુટીંગ પલસાણા તાલુકાનાં મેલકપોર ગામે થયું હતું.
- માજી વડાપ્રધાન મોરારજી દેસાઇનાં સુપુત્રી વીરમતીબેન દેસાઇ વેસ્મા નજીકનાં સંદલપોર ગામનાં રમણભાઇ ઝીણાભાઇ દેસાઇ સાથે પરણ્યા હતાં.
- નિર્માના નિર્દેશક શેખ મુખ્તાર નિર્મિત બ્લેક એન્ડ વ્હાઇટ ફિલ્મ ઉસ્તાદ પેડ્રો તથા ગુરૂ ચેલામાં ડાભેલનાં સ્વ. અહમદભાઇ વાડી શેઠે મહેમાન કલાકારની ભૂમિકા ભજવી હતી.

# બુટલાવનાં સહકારી આગેવાન સ્વ. ગોવિંદભાઇ બુટલાવકર



નવસારી તાલુકાનાં બુટલાવ ગામનું નામ પડે એટલે રાજકીય, સહકારી આગેવાન સ્વ. ગોવિંદભાઈ બુટલાવકરનું નામ લોક જીભે ટળવળવા જ માંડે છે. તેમનું રહસ્યમય મોતનો હજુ વણઉકેલાયે કે કોયડો ગામલોકોને ગુંચવી રહયો છે. નવસારી તાલુકાની પૂર્વ પટ્ટી પર ભાજપનાં કમળને ખીલવવા માટે રાત-દીન ઉજાગરા કરીને ભાજપનો ઉદય કરવામાં સિંહફાળો આપનાર બુટલાવનાં ગોવિંદભાઈ બુટલાવકરે રાજકીય ક્ષેત્ર પમ ઘણો હોદ્દા હાંસલ કર્યો હતાં. તો સાથો સાથ સહકારી ક્ષેત્ર પણ મોટી-મોટી સંસ્થાઓમાં સ્થાન ધરાવવાની કૂનેહ ધરાવતાં ગોવિંદભાઈ બુટલાવકરનાં અણધાર્યા મોતે રાજકીય ભૂકંપ સર્જી દીધો હતો.

સ્વ. ગોવિંદભાઈનાં મોતને રાજકીય સ્વરૂપ પણ અપાયું હતું. તેમનું રહસ્યમય મોતને હજુ પણ રાજમાં ભાજપ સરકાર હોવા છતાં ભાજપનાં જ આગેવાનનાં મોતનો કોયડો હજુ વણઉકેલાયેલો કેમ રહ્યો છે. તે લોકોને સમજાતું નથી પરંતુ એક વાત ચોક્કસ છે કે બુટલાવ અને ગોવિંદભાઈ એકબીજાનાં પુરક રહયાં હતાં.

**બુટલાવનાં આગેવાન ગોવિંદભાઇનું રહસ્યમય સંજોગોમાં મોતને ગામવાસીઓ આને પણ ભુલ્યા નથી**

## ટાઉન ટૉક

(અનુસંધાન પાના સાતનું)

દિવસનાં ઉપવાસ પણ પૂર્ણ થઈ જશે. પરંતુ હાથીના ચાવવાનાં અને બતાવવાનાં જુદા હોય તેમ રાજય સરકારનાન વિકાસનાં બદલે કૌભાંડોની હારમાળા જ રાજયની પ્રજાને ભેટમાં મળી છે. તો નવસારી તાલુકાનાં બુટલાવ ગામે.

બુટલાવ ગામની છસોથી વધુ વસ્તીમાં સૌથી વધુ વસ્તી

**પાણી પુરવઠા બોર્ડનાં હેન્ડપંપમાં પણ ખાનગી પાઇપલાઇનો જ અંધેર વહીવટની ચાડી ખાય છે.**

આદિવાસીઓની છે. બુટલાવ ગામનો ૧૨૮ હેકટરમાં પથરાયેલા રેવન્યુ વિસ્તારમાં ૧૩૧ ઘરો આવેલા છે. જેમાંના ગરફળિયું, પહેલ ફળિયું, ખરસી ફળિયું તથા શીરફળિયું મુખ્ય છે. આ ઉપરાંત ગામની પ્રાથમિક શાળા આવેલી છે. તે વિસ્તાર પણ હવે વિકસ્યો છે. બુટલગાવ ગામમાં પ્રાથમિક શાળા ઉપરાંત આંગણવાડી આવેલી છે. ગામલોકોનાં આર્થિક સહયોગથી પ્રાથમિક શાળાનું સરસ મજાનું મકાન બનાવવામાં આવેલું છે. તો ખડસુપા બોડીંગથી સાતેમ જતાં મુખ્ય માર્ગ પર આવેલ બુટલાવ ગામ સામેના ખડસુપા વચ્ચે આવેલું છે. મુખ્ય માર્ગથી બે કી.મી.નાં અંતરે આવેલ સહિત ગોકુળ અષ્ટમી રંગેચંગે ઉજવાય છે.

નવસારી તાલુકાનાં બુટલાવ ગામમાં રાજકીય આગેવાન સ્વ. ગોવિંદભાઈ બુટલાવકરને ગામલોકો આજે પણ ભુલ્યા નથી. ગામનાં હાલમાં સરપંચ નાનુપાઈ રમણભાઈ નાયકાએ જ ડભલાઈ-બુટલાવ જુથ ગ્રામ પંચાયત સરપંચપદ ભોગવ્યું છે. જયારે ઉપસરપંચ તરીકે હાલ છીબુભાઈ દેવરભાઈ પટેલ ગ્રામ પંચાયતનો વહીવટ ચલાવી રહ્યા છે.

### ગામનાં પાદરેથી

મુ.પો. બુટલાવ, તા. જિ. નવસારી

| ક્રમ | વિગત | આંકડા |
|---|---|---|
| ૧. | વિસ્તાર | ૧૨૮ હેક્ટર |
| ૨. | કુલ ઘરો | ૧૩૧ |
| ૩. | મતદારો | ૪૫૨ |
| ૪. | વોર્ડસભ્યો | ૭ |
| ૫. | કુલ ફળિયા | ૩ |
| ૬. | પાણીની ટાંકી | ૧ |
| ૭. | પ્રાથમિક શાળા | ૧ |
| ૮. | આંગણવાડી | ૧ |
| ૯. | હેન્ડપંપ | ૬ |
| ૧૦. | ઇલેક્ટ્રીક મોટર | ૩૦ |
| ૧૧. | તળાવ | ૧ |
| ૧૨. | તાલુકા-જિલ્લા મથકનું અંતર ૨૦ કી.મી. | |
| ૧૩. | તલાટી ક્રમમંત્રીનું નામ જીતેન્દ્રસિંહ પરમાર | |
| ૧૪. | સરપંચનું નામ | નાનુભાઇ નાયકા |
| ૧૫. | ઉપસરપંચનું નામ | છીબુભાઇ પટેલ |

બુટલાવ ગામમાં આદિવાસી વસ્તી વધુ હોય ઘરવિહોણાને આવાસનો લાભ આપવામાં હજુ ઘણો બાકી છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનાં રેઢીયાળ કારભારમાં ઘણાં જરૂરિયાતમંદ લાભાર્થીઓના નામો બીપીએલ યાદીમાંથી જ બાકાત કરી દેવાતાં આજે પણ જરૂરીયાતમંદ લાભાર્થીઓ આવાસનાં લાભથી વંચિત રહેવા પામ્યા છે. તો ગામમાં ઘણાં પરિવારો પશુપાલન વ્યવસાય પર નિર્ભર હોય ગામમાં દૂધ મંડળી ઉપરાંત પશુ દવાખાનું પણ કાર્યરત છે.

બુટલાવ ગામમાં ખેતમજુરોની વધુ વસ્તીમાં આર્થિક પરિસ્થિતિ સામાન્ય જ કહી શકાય. ગામનાં દાતાઓનાં સહયોગથી મીનરલ



રાધાકૃષ્ણ મંદિર

વોટર પ્લાન્ટની પણ સુવિધા કરવામાં આવી છે. ગામમાં ચાલીસ ટકા યુવાનો ગામમાં ધાર્મિક ઉત્સવોમાં રચ્યાપચ્યા રહે છે. જેમાં હોળી-ધુળેટી

**નાગધરા મંડળીની બુટલાવમાં શાખા શરૂ કરાવવામાં ગોવિંદભાઇનો સિંહફાળો.**



પાણીની ટાંકી

પશુદવાખાનું જ ગામમાં ચાલતાં પશુપાલન વ્યવસાયની ગવાહી



આંતરિક માર્ગ બિસ્માર

પૂરી પાડી રહ્યો છે. એમ તો ગામનાં ખેડૂતો શેરડી, ડાંગર સાથે લીલીનાં ફૂલોની ખેતી કરી રહ્યા છે.

ગામનાં ખેડૂતો લીલીનાં ફુલોને રેલ્વે માર્ગે મુંબઈ પહોંચાડી મુંબઈનાં ફુલબજારોનાં ભાવો મેળવી રહ્યા છે. આમ છતાં રાજય સરકારે આજદિન સુધી લીલીના ફુલોની ખેતી માટે ખેડૂતોને પ્રોત્સાહીત કરવાનાં પ્રયત્નો કર્યા નથી, જે ખેડૂતોને સમજાતું નથી. આ ઉપરાંત બુટલાવ ગામની સરકારી જમીનોની સારસંભાળ કરવાની જવાબદારી ગામ પંચાયતની હોવા છતાં આજે પણ ગામમાં ખાનગી ઈસમો દ્વારા બેરોકટોક

# બુટલાવનાં ખેડૂતો લીલીનાં ફુલોની ખેતી કરી સારી ઉપજ મેળવે છે

નવસારી તાલુકાએ સહકારી ક્ષેત્રમાં સારી નામના મેળવી છે. તો વિસ્તારનાં ખેડૂતો અવનવી ખેતી કરી સારી ઉપજ મેળવવા થયા છે. જેમાં બુટલાવ સહીતનાં ગામોમાં ખેડૂતો લીલીનાં ફૂલની ખેતી કરી સારી ઉપજ મેળવી રહ્યા છે.

નવસારીનું બુટલાવ ગામ સહકારી આગેવાનનાં લીધે જિલ્લામાં જાણીતું છે. તેમાં બુટલાવ ગામે શેરડી, ડાંગર કરી વર્ષોથી ખેતી કરતાં ખેડૂતોએ આધુનિક ટેકનોલોજીની સાથે ખેતીમાં નવો વળાંક લીધો છે. જેમાં આંબાવાડીઓ પણ આ વિસ્તારમાં થઈ છે. જયારે છેલ્લા પાંચેક વિસ્તારથી બુટલાવ- ડભલાઈનાં ખેડૂતો લીલીનાં ફુલની ખેતી તરફ વળ્યાં છે. જેમાં પોષણક્ષણ ભાવ મેળવવા ખેડૂતોએ લીલીનાં ફુલને મુંબઈમાં માર્કેટમાં પહોંચાડવા પડે છે. તો ખેડૂતો ભારે જહેમત ઉઠાવીને રેલ્વે મારફત પાર્સલોમાં મોકલાવતાં હોય છે ત્યારે રેલ્વેતંત્રની લાલીયાવાડીનો ભોગ પણ આ વિસ્તારની જનતા બને છે.

રેલ્વે મારફત પાર્સલો મોકલતાં ઘણી વખત પાર્સલ ગુમ થઈ જતાં ખેડૂતોએ નુકશાન વેઠવાની નોબત પણ આવે છે ત્યારે રાજયસરકાર લીલીનાં ફુલોની ખેતી કરતાં અવનવી જાતની ખેતીઓ કરીર શકાય છે. લીલીનાં ફુલોની ખેતી આખા નવસારી તાલુકાનાં ઘણાં ગામોમાં થઈ રહી છે તો નવસારી જિલ્લાનાં અંબાચ ગામનાં ખેડૂત મંગુભાઈ પટેલે આફ્રીકન સાગ, વિદેશી મગફળી તથા પાકિસ્તાન હુર કેરીની પણ કલમ ઉગાડી છે. ત્યારે ખેતીક્ષેત્ર ક્રાંતિ કરવા થનગનતા નવસારી જિલ્લાનાં ખેડૂતોનો રાજય સરકાર પ્રોત્સાહિત કરે તે જરૂર છે.

**જોકે ખેડૂતોએ મુંબઇ માલ પહોંચાડવા માટે ભારે જહેમત ઉઠાવવી પડે છે**



બસ સ્ટેન્ડ

વનબંધુ કલ્યાણ યોજનામાંથી ગામનાં આદિવાસીઓનાં કલ્યાણાર્થે યોજનાકીય કામો થાય તે જરૂરી છે. આ ઉપરાંત પાણી યોજનામાં પાણીની ટાંકી

**બુટ માંગ પરથી ગામનું નામ બુટલાવ પક્યું હોવાનું ગામલોકો કહે છે.**

ઉપરાંત જુદા જુદા સ્થળોએ છ હેન્ડપંપ બનાવવામાં આવેલા છે. ગામલોકોની ખેતઉપયોગની

સરકારી જમીનોમાં ખેતી થઇ રહી છે. ત્યારે ગામ પંચાયતનાં અસ્તિત્વ સામે પણ પ્રશ્નાર્થ મૂકાઇ રહ્યો છે. સરકારી

**એકાદ-બા એસ. ટી. બસનાં રૂટ જ હોય ગામનાં વિદ્યાર્થીવર્ગ ખાનગી વાહનોનો સહારો લે છે.**

જમીનમાં થતી ખેતી અટકાવવા ગામલોકોએ પણ વારંવાર રજુઆત કરવા છતાં ગામલોકોનું રૂંવાડું યે ફરકતું નથી.

બુટલાવ ગામમાં આંતરીક માર્ગો હજુ પણ કાચા જ રહ્યા છે ત્યારે ગામલોકો ખેતીનાં માર્ગો પણ બનાવવાની રજુઆત કરી રહ્યા છે. તો પટેલફળિયામાં જવાનો માર્ગ પણ તૂટેલો જ રહ્યો છે ત્યારે ગામમાં પાણી પહોંચાડતી પાણી યોજના પણ

હાઈસ્કુલ કોલેજ માટે ખડસુપા-સાતેમ કે પછી નવસારી સુધી અભ્યાસાર્થે જવું પડે



આંગણવાડી

છે. તેવામાં એસ.ટી. બસની અપુરતી સુવિધામાં ગામનાં

૩૦ ઈલેક્ટ્રીક મોટર બોર આવેલા છે જે ખેતીમાં



આંતરિક માર્ગ

ગામલોકોનાં સહકારથી સાકાર પામી છે. બુટલાવ ગામે ૧ થી ૭ ધોરણની જ પ્રાથમિક શાળા હોવાથી ગામનાં બાળકોએ

**આરોગ્યસેવા માટે ગામલોકોએ નાગધરા-સાતેમ-ખડસુપા સુધી જવું પડે છે.**

વિદ્યાર્થીઓએ ખાનગી વાહનોનો સહારો લેવો પડે છે ત્યારે



પંચાયત કચેરી

સિંચાઈ કરી રહ્યા છે. તો ગામનાં ધીરૂભાઈ ખુશાલભાઈ પટેલ તથા કલ્યાણભાઈ માધવભાઈ પટેલે ગામનાં વિકાસમાં યોગદાન આપી રહ્યા છે. તેઓ ગામનાં વિકાસનાં કામોમાં દાન આપી ગામ પ્રત્યેનું ઋણ અદા કરી રહ્યા છે.

બુટલાવ ગામે નાગધરા મંડળીની સાથે આવેલ હોય ગામલોકોને રાહતદરનું અનાજ આપતી સસ્તા અનાજની દુકાન પણ મંડળીમાં જ કાર્યરત છે. ગામમાં દૂધ મંડળી પણ આવેલી છે. ગામમાં બનેલ રાધાકૃષ્ણ મંદિરમાં દર વર્ષે સાલગીરી ઉજવવામાં આવે છે. જેનાં લીધે ગામમાં આધ્યાત્મિક માહોલ જળવાઈ રહે છે. ગામ સહકારી અને રાજકીય ક્ષેત્ર આગળ પડતું હોવા છતાં ગામનાં કથળેલા વિકાસનો ઉકેલ આવતો નથી.

## ફરિયાદ મંચ

# બારડોલી તા.નાં વાંકાનેર ગામનાં મુખ્યમાર્ગમાં આચરાયેલા ભ્રષ્ટાચારની તપાસ થશે?

**(એક વાચક મંચ - વાંકાનેર)**

સુરત જિલ્લાનાં બારડોલી તાલુકાનાં વાંકાનેર ગામનો મુખ્યમાર્ગ વર્ષોથી બિસ્માર હોય ગ્રામજનોની રજૂઆતને પગલે માર્ગ તો બન્યો. પરંતુ પ્રથમ જ વરસાદમાં માર્ગમાં પડેલા ખાડાઓ માર્ગ-મકાન વિભાગના ભ્રષ્ટાચારની પોલ ખુલી જવા પામી છે.

બારડોલી તાલુકાનાં વાંકાનેર ગામનો મુખ્ય રસ્તો વર્ષો બાદ મંજુર થયો હતો. બે કી.મી. માર્ગનાં નવિનીકરણની કામગીરી ₹ ૫૦ લાખનાં ખર્ચે ત્રણ મહિના પહેલાં જ પૂર્ણ થઈ હતી. ગ્રામજનોએ રસ્તાની કામગીરી પણ ધીમી થતાં ગામલોકોએ ભારે પરેશાની ભોગવવી પડી હતી. પરંતુ નવો બનેલો માર્ગ ચોમાસામાં સામાન્ય વરસાદમાં તૂટી ગયા બાદ ભારે વરસાદમાં તો માર્ગ-મકાન વિભાગનાં અધિકારીઓએ આચરેલા ભ્રષ્ટાચારનાં માર્ગ પરથી ઉખડેલા પોપડા જ જોવા મળ્યા હતાં. ગ્રામજનોએ રસ્તો તૂટી જતાં હલકી કક્ષાનું મટીરીયલ વાપરીને માર્ગનાં સાઈડ સોલ્ડરીંગમાં માટી વાપરી

**માર્ગ રીપેર કરવામાં આવશે : માર્ગ-મકાન**

હોવાની ફરીયાદ કરી હતી માર્ગમાં સાઈડ સોલ્ડરીંગ અને સીલકોટ તૂટી જતાં અનેક ખાડો પડી જતાં માર્ગની વીઝીટે આવેલા કાર્યપાલક ઈજનેરને પણ ગામલોકોએ ઉગ્ર રજુઆત કરી હતી. તેમજ એજનસી વિરૂધ્ધ કાર્યવાહી કરવાની પણ ખાતરી આપી હતી. બાંધકામ વિભાગે મંજુર કરેલા અંદાજપત્રમાં નકકી થયેલ માલસામાન પુરેપુરો વાપરવામાં આવ્યો નથી. સાઈડ સોલ્ડરીંગ માટે હાર્ડમોરમની જગ્યાએ માત્ર માટી વાપરતાં હાલમાં ઊંડા ખાડાઓ પડી ગયા છે ત્યારે વાંકાનેરનાં મુખ્યમાર્ગું રીપેરીંગ થાય અને કામ કરનારી એજન્સી સામે કાર્યવાહી થાય તે જરૂરી છે.

***માર્ગ-મકાન ખાતુ કહે છે કે...***

**બારડોલી તાલુકાનાં વાંકાનેર ગામનાં મુખ્યમાર્ગનાં નવીનીકરણમાં આચરાયેલા ભ્રષ્ટાચાર અંગે માર્ગ-મકાન વિભાગનો સંપર્ક કરતાં તેમણે જણાવેલ કે માર્ગ રીપેર કરી કામ કરનારી એજન્સી સામે પણ જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.**

# વિજલપોરનાં વંચિત વિસ્તારમાં રસ્તા પાણીની સુવિધા કયારે મળશે?

**(રામજીભાઇ પટેલ- વિજલપોર)**

નવસારીને અડીને આવેલ વિજલપોર પાલિકાનો સુવિધાથી વંચિત કાશીબાગ વિસ્તારનાં બિસ્માર માર્ગ તથા પાણીની સુવિધા માટે વારંવાર રજુઆત કરી છે. તેમજ જરૂરી ફાળો પણ આપ્યો હોવા છતાં હજુ સુધી કામગીરી થતી નથી. જે રહીશોને પરેશાનીમાં મુકી રહ્યા છે.

વિજલપોરનાં કાશીબાગ વિસ્તારનાં મુખ્યમાર્ગ ઉપર લાંબા સમયથી ઠેર-ઠેર ખાડાઓ પડી જતાં આ માર્ગ ખાડા-ટેકરાવાળો બિસ્માર બની ગયો છે. આ માર્ગને રીપેર કરવા માટે રહીશો દ્વારા વારંવાર પાલિકાને રજૂઆતો કરવા છતાં આ માર્ગની મરામત કરવામાં આવતી ન હોવાથી હાલમાં પડી રહેલા વરસાદને કારણે રસ્તાનાં ખાડાઓનાં વરસાદી પાણીનાં સંગ્રહ થવાથી મચ્છરોનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. આથી બિસ્માર માર્ગની વહેલી તકે મરામત કરવા માંગણી કરવામાં આવી છે. પાલિકા દ્વારા પાણીની સુવિધા પણ અપાઈ નથી. પાલિકાએ પાણીની પાઈપલાઈનનું કનેકશન આપવા માટે પ્લોટધારક દીઠ ₹ ૩ હજાર વસુલ કર્યા છે. જેને દોઢ વર્ષ જેટલો સમયગાળો વિતી જવા છતાં હજી સુધી જોડાણો આપવામાં આવ્યા નથી. પાલિકા કાશીબાગ સોસાયટીને જાણીબૂઝીને સગવડો આપતી નથી. આરોગ્યને નુકશાનકર્તા રસ્તા વચ્ચેનાં પાણીનાં ખાબોચિયાં પુરી રસ્તો રીપેર કરવા તથા પાણીની પાઈપલાઈન સત્વરે આપવાની માંગણી કરી છે. કાશીબાગ સોસાયટીમાં પીવાનાં પાણીની પાઈપલાઈન નાંખવા બાબતે વિજલપોર પાલિકાએ ઠરાવ કરી ૫૦ ટકા રકમ ભરવાનું સુચવ્યા મુજબ સોસાયટીએ ₹ ૪૦.૫૫૨ ભરવામાં આવ્યા છતાં હજુ સુધી પાણીની સુવિધા આપવામાં આવી નથી, ત્યારે વિજલપોર પાલિકા દ્વારા વંચિત કાશીબાગ વિસ્તારને સુવિધા આપવામાં આવે તે જરૂરી છે.

**ટુંક સમયમાં કામગીરી કરાશેઃ પાલિકા**

***પાલિકા કહે છે કે...***

**વિજલપોર નગરપાલિકાનાં કાશીબાગ વિસ્તારને રસ્તા- પાણીની સુવિધાથી વંચિત રાખવા અંગે પાલિકાનો સંપર્ક તેમણે જણાવેલ કે કાશીબાગમાં વિસ્તારનાં રહીશોને મળવાપાત્ર સુવિધા આપવા માટેની કાર્યવાહી ચાલુ છે ત્યારે ટુંક સમયમાં કામગીરી હાથ ધરાશે.**

# વાંસદા- બીલીમોરા એસ. ટી.બસનાં રૂટો વધારાશે ખરાં?

**(ચીમનભાઇ પટેલ- પ્રતાપનગર)**

વાંસદાથી બીલીમોરા જતાં વિદ્યાથીઓનું વધુ સંખ્યા તેમજ આખા વિભાગ માટે માત્ર બીલીમોરા રેલ્વે સ્ટેશન જ નજીક પડતું હોય જેનાથી વાંસદાથી બીલીમોરા આવતાં મુસાફરોની સંખ્યા વધુ એસ.ટી.બસનાં રૂટો ઓછા હોય ત્યારે ઘણી વખત તો વિદ્યાર્થીવર્ગે બસનાં છાપરે બેસીને મુસાફરી કરવાની નોબત આવે છે.

વાંસદા તાલુકાનાં વિદ્યાથીઓ મોટી સંખ્યામાં દરરોજ બીલીમોરા અભ્યાસ અર્થે અવરજવર કરતાં હોય છે ત્યારે વાંસદાથી સવારે ૬ વાગ્યે બીલીમોરા જવા માટે બસ ઉપડે છે. એ બસમા વાંસદાથી માંડ પાંચ કી.મી.નાં અંતરે આવેલું ખડકાળા ચોકડી સુધી તો વિદ્યાર્થીઓની બસ ખીચોખીચ ભરાય છે. આ બસમાં એટલી હદે વિદ્યાથીઓ ચઢી જાય છે કે બસમાં કંડકટર ટીકીટ પણ આપી શકતો નથી. ઘેટા-બકરાંની જેમ ખીચોખીચ ભરેલી બસ વાંસદા તાલુકાનાં પ્રતાપનગર બાદ કોઈપણ સ્ટેજ પર ઊભી રાખી શકતા નથી. પ્રતાપનગરથી બીલીમોરાનું અંતર ૪૦ કી.મી. હોય વચ્ચે આવતાં ગામનાં વિદ્યાર્થી, મુસાફરોએ અટવાવવું પડે છે. આ પરિસ્થિતિમાં બસ ઊભી રાખે તો વિદ્યાર્થીઓને બસમાં કયાં બેસાડવા તે પ્રશ્ન છે. રાજય સરકાર વાહ-વાહીની જાહેરાતોથી વિદ્યાથીઓમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. છેલ્લાં લાંબા સમયથી સવારનાં સમયે વધુ બસ

**ટ્રાફીકને ધ્યાને લઇને આયોજન કરાશેઃ એસ.ટી.વિભાગ**

દોડવવાની માંગણી કરવામાં આવે ત્યારે વિભાગીય નિયામક કચેરી ટીકીટની ગણતરી માંડે છે. તો આખા મહીનામાં ઈશ્યુ કરાયેલા પાસધારકોની ગણતરી કોણ કરશે? તે આમપ્રજાને સમજાતું નથી. તેવામાં તો સવારે છ વાગ્યાની બસ રૂટ એસ.ટી. વિભાગની આપખુદશાહીમાં હદ પણ કરી દેવામાં આવતાં વિદ્યાર્થી વર્ગે ખાનગી વાહનમાં અથવા તો કોલેજ હાઈસ્કૂલમાં જવાનું ટાળવું પડે છે ત્યારે તો વિદ્યાથીઓનું ભાવિ જ અંધકારમય બની જાય ને.

***એસ.ટી. વિભાગ કહે છે કે...***

**વાંસદાથી બીલીમોરા જવા માટેનાં સવારનાં એસ.ટી. બસનો રૂટમાં વધારો કરવા અંગે વિભાગીય નિયામક કચેરીનો સંપર્ક કરતાં તેમણે જણાવેલ કે પેસેન્જર ટ્રાફીકને ધ્યાને લઈ કાર્યવાહી કરવામાં આવશે.**

### વાચકોને આમંત્રણ

**વિવિધ ગામોની સમસ્યાઓને વાચા આપવા માટે 'ગુજરાતમિત્ર'નો 'આસપાસ ચોપાસ' વિભાગ આપને આવકારે છે. આપના ગામના પ્રશ્ન અને સમસ્યા આ સાથેની કૂપન સાથે મોકલી આપો. નામ અને શકય હોય તો ફોન નંબર અવશ્ય લખવો, તમે નામ જાહેર કરવા નહીં માંગતા હોય તો તે પ્રકાશિત નહીં કરાય.**

**ફરિયાદ મંચ**
આસપાસ ચોપાસ વિભાગ,
ગુજરાતમિત્ર, સોનીફળિયા, સુરત

## ભારતનાં પૂર્વ વડાપ્રધાન

(અનુસંધાન પાના સાતનું)

કલા-શિક્ષણના સંવર્ધન માટે યાદ રાખવામાં આવે છે. એ પરંપરા હવે 'ધર્મુદાદા' આગળ ધપાપે છે. આદિવાસીઓના હૃદયસ્થ ભગત દિતિયાબાપા તો પ્રાતઃસ્મરણીય. જેમની યાદમાં તો વિરવલમાં મેળો પણ ભરાય છે. ધરમપુરની વાત કરીએ છીએ ત્યારે પીંડવળ સર્વોદય ટ્રસ્ટના ડો. નવનીતભાઈ ફોજદાર, કાન્તિભાઈ શાહ, કાન્તાબેન-હરવિલાસબેન 'હરિશ્ચંદ્ર' યાદ આવે જ. હવે સુમતા-ખડકી પણ યાદ આવે નગરપાલિકાના ઈતિહાસમાં વર્ષો સુધી પ્રમુખપદ ધારણ કરનાર શ્રી ફિરોજશા શ્રોફ હતા. એમના પુત્રો શ્રી કેકી શ્રોફ અને શ્રી રૂસી શ્રોફ પણ પ્રમુખ બન્યા હતા.

સજીવ ખેતી અને પર્યાવરણ જતન માટે ભાસ્કર સાવે, ઉમરગામના ડો. અશોક શાહ, યજ્ઞેશ દેસાઈ, ડો. શીરીન ગઢિયા પણ ખરાં જ તેમ દીપક ગઢિયા સોલા એનર્જી માટે.

વલસાડ જિલ્લામાં શિક્ષણક્ષેત્રે પ્રદાન કરનારાં અનેક એવોર્ડ વિનર શિક્ષકો છે જેમણે રાષ્ટ્રીયકક્ષાએ પોતાનું અને શાળાનું નામ અંકે કર્યું છે. અર્ધશતાબ્દી વટાવી ચૂકેલી શ્રી જમનાબાઈ કન્યા વિદ્યાલય અને સુશ્રી નિર્મળા નાયક એમ બન્નેને આ માન મળ્યું છે. શતાબ્દી જૂની આવાંબાઈના શ્રી બાબુભાઈ દેસાઈને એ માન મળ્યું છે. બાબુભાઈ તો વળી રંગકર્મી પણ ખરા. આવાંબાઈ હાઈસ્કૂલના શિક્ષિકા ડો. નયના દેસાઈ (નયનામૃત)ને પ્રતિષ્ઠિત 'ભગિની નિવેદિતા એવોર્ડ' મળ્યો છે.

એવી રીતે સિવિલ હોસ્પિટલ અને રાજય સરકાર પ્રેરિત હેલ્થ સેન્ટરો ઉપરાંત કસ્તુરબા હોસ્પિટલ - વલસાડ, મોહનભાઈ દયાળજી હોસ્પિટલ-પારડી, શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ - ધરમપુર, હરીયા હોસ્પિટલ-વાપી, આર.એન.સી. ફ્રી આઇ હોસ્પિટલ-વલસાડ તો છે જ, ઉપરાંત કપરાડા અને મોટાપોંઢામાં પણ વૈદકિય રાહત માટે હોસ્પિટલો શરૂ થઈ રહી છે.

**રંગભૂમિ માટે વલસાડના સુરેન્દ્ર શાહને હજી 'ઝેર તો પીધા જામી જાણી' નાયકના સત્યકામ તરીકે યાદ રાખવામાં આવે છે. શાળાકક્ષાએ 'નાટકો'ને જીવંત રાખવા મથનારા રંગપુજાના સતીશ દેસાઇને એટલે તો યાદ કરવા જ જોઇએ.**

વલસાડ જિલ્લાનું આર્થિક ચિત્ર રંગીન બનાવવામાં મહત્ત્વના નામોમાં શેઠ કસ્તુરભાઈ લાલભાઈ - સિધ્ધાર્થભાઈ લાલભાઈ, બી.કે. મજમુદાર, વાપીના શ્રી ગફુરભાઈ બીલખીયા - પરિવાર, શ્રી રજ્જુભાઈ અને સાન્દ્રા શ્રોફ, પારડીના અને અતુલના પ્રભુભાઈ પટેલ, દેસાઈ કન્સ્ટ્રકશન વલસાડ, જેવા શ્રેષ્ઠીઓ ગણાવી શકાય. સહકારીક્ષેત્રે ડો. સુમનભાઈ અને રમેશભાઈ મગનભાઈ દેસાઈ, ગુણવંતભાઈ દેસાઈ પણ ખરા.

ધરાસણા સત્યાગ્રહમાં શહીદી વહોનારાશ્રી ભાઈલાલ પટેલ હતા. પારડી ખેડા સત્યાગ્રહના અગ્રણી ઉંટડીના ઈશ્વરભાઈ કુમુદબેનની સાથે અમૂલભાઈ, હકૂમતભાઈ, ગોવિંદજીભાઈ વકીલ તો ખરા સાથે હજી પોતાની ટોપી દ્વારા પ્રજા સમાદવાદીની મૂળ ઓળખની યાદ અપાવનારા ઉત્તમભાઈ હરજીભાઈ પટેલ - ડુમલાવની નોંધ લેવાય જ.

નવવિર્માણ આંદોલનમાં શહીદી વહોરનારની યાદમાં પણ 'શહીદચોક' છે.

હાલ વલસાડના મૂળ પારડીના શ્રી બરજોરજી પારડીવાલા ગુજરાત વિધાનસભાના સ્પીકર (અધ્યક્ષ) રહી ચૂકયા છે. સંગીતક્ષેત્રે પારડી વલ્લભ આશ્રમના સ્વામીશ્રી હરિપ્રસાદજી, વલસાડનું ભાવસાર કુટુંબ-ભીખુભાઈ, હરેશભાઈ, જશવંતભાઈ અને પરિવાર ખ્યાતનામ ગણાય છે. વાયોલીનવાદક દલવીર સીકલીગરને ન જ ભૂલવા જોઈએ. અનિલ મેન્ડોલીન પણ ન ભૂલાય. શંકર જયકિશનમાંના જયકિશનના ગુરૂ પ્રેમશંકર નાયક સાચા અર્થમાં સંગીત સાધક હતા.

રંગભૂમિ માટે વલસાડના સુરેન્દ્ર શાહને હજી 'ઝેર તો પીધા જામી જાણી' નાયકના સત્યકામ તરીકે યાદ રાખવામાં આવે છે. શાળાકક્ષાએ 'નાટકો'ને જીવંત રાખવા મથનારા રંગપુજાના સતીશ દેસાઈને એટલે તો યાદ કરવા જ જોઈએ. સમાજના આગળ ઉભરતા રંગકર્મી જિજ્ઞેશ પટેલ છે, તો મુંબમિાં સ્ક્રીપ્ટ રાઈટર તરીકે કાઠું કાઢનાર જીતેશ પટેલ છે. હાસ્ય કલાકારો રાજેશ દેસાઈ - રમેશ ચાંપાનેરી છે. રમેશભાઈ ટી.વી. સિરિયલ 'રામાયણ'ના નાનાજી ફેઈમ. ટી.વી.ની વાત આવી એટલે હવે 'કસમ સે' સીરીયલની પ્રાચી દેસાઈ અવશ્ય યાદ આવે છે. ફિલ્મ કલાકાર અને બોલીવુડની સદાબહાર મા-નિરૂપા રોય વલસાડનાં જ હતા. હિન્દી ચલચિત્રોની વિખ્યાત ખલનાયિકા બિન્દુ યાદ આવે છે એ પણ વલસાડનાં જ - ગુજરાતી અભિનેતા મહેશ દેસાઈ, મનહર દેસાઈ વલસાડના.

સાહિત્યક્ષેત્રના પ્રદાનમાં અનેક નામો ઉલ્લેખનીય છે. કવિ ઉશનસ અને ઋષિમનિષી મકરન્દભાઈ હવે, 'હૈયે ને હોઠે' છે. શ્રી ઈશ્વરચન્દ્ર ભટ્ટ, શ્રી જયોતીન્દ્ર દેસાઈ, શ્રી મણિલાલ દેસાઈ 'ઉંબરે ઊભી સાંભળું કે બોલ વાલમના' એવા સદાબહાર ગીતના રચયિતા હતા. બાળ સાહિત્ય ક્ષેત્રે ડો. અરૂણિકા દરૂ, ધનસુખભાઈ પારેખ, 'વિશ્વકોશ'ના લેખક મંડળના શ્રી મનોજ દરૂ, હિન્દી ભાષા - શબ્દકોશ માટે ડો. બચુભાઈ આચાર્ય યાદ આવે જ. પ્લેટફોર્મ નંબર ચાર, અંધારી ગલીમાં સફેદ ટપકાં ઉપરાંત સાહિતયિસર્જન ક્ષેત્રે ખાસ્સું પ્રદાન કરનારાં અબ્રામાનાં હિમાંશી શેલત છે.

**વલસાડ જિલ્લાનું આર્થિક ચિત્ર રંગીન બનાવવામાં મહત્ત્વના નામોમાં શેઠ કસ્તુરભાઇ લાલભાઇ - સિધ્ધાર્થભાઇ લાલભાઇ, બી.કે. મજમુદાર, વાપીના શ્રી ગફુરભાઇ બીલખીયા - પરિવાર, શ્રી રજ્જુભાઇ અને સાન્દ્રા શ્રોફ, પારડીના અને અતુલના પ્રભુભાઇ પટેલ, દેસાઇ કન્સ્ટ્રકશન વલસાડ, જેવા શ્રેષ્ઠીઓ ગણાવી શકાય.**